મતદાર યાદી
ખૂબ જ અગત્યનું

"સરળ નોંધણી
સરળ સુધારણા"

મતદાર નોંધણી અધિકારી-૧૬૫ મજુરા અને નાયબ કલેકટર જમીન સુધારણાની કચેરી, સુરત
ટેનન્સી શાખા, બી-બ્લોક, ચોથો માળ, જિલ્લા સેવા સદન-૨,અઠવાલાઈન્સ, સુરત-૩૯૫૦૦૧
ફોન નં. ૦૨૬૧-૨૬૫૨૧૩૨, ફેકસ નં. ૦૨૬૧-૨૬૫૫૭૫૭ Email:- 44.tenancysurat@gmail.com

નં.મતય/૧૬૫-મજુરા/ELC/વશી/૨૦૧૯ તા. ૧૮-૧૨-૨૦૧૯

પ્રતિ,

સંચાલકશ્રી/આચાર્યશ્રી,

[illegible]..........................

..........................

**વિષય:-** દરેક માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા/કોલેજોમાં મતદાર સાક્ષરતા કલબ (ELC)ની સ્થાપના કરવા બાબત.

**સંદર્ભ:-** (૧) માન. મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીના પત્ર ક્રમાંક:ELC-102018- 4007-CHH(SVEEP), તા.૨૨-૧૧-૨૦૧૯

(૨) મે. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેકટરશ્રી, સુરતની કચેરીના પત્ર ક્રમાંક:નં.ચટણ-૨/કોલેજ/માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળા/ELC/સ્થાપના/૨૦૧૯, તા.૩૦-૧૧-૨૦૧૯

જય ભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સંદર્ભ (૧)માં જણાવેલ માન. મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીના તા.૨૨-૧૧-૨૦૧૯ના પત્રથી દરેક માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા તથા કોલેજોમાં મતદાર સાક્ષરતા કલબ (ELC)ની સ્થાપના કરવા સુચના આપેલ છે. તથા ભારતના ચૂંટણીપંચ દ્વારા પણ દરેક શૈક્ષણિક સંસ્થાઓમાં ભાવિ મતદાર અને યુવા મતદાર માટે મતદાર સાક્ષરતા કલબ (ELC)ની રચના કરી મતદાર જાગૃતિ અંગે અસરકારક કામગીરી કરવા અંગેની સુચનાઓ આપવામાં આવેલ છે. જેથી ૨૫-નવસારી લોકસભા મતદાર વિભાગમાં સમાવિષ્ટ અત્રેની ૧૬૫-મજુરા વિધાનસભામાં આવેલ દરેક માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા તથા કોલેજોમાં મતદાર સાક્ષરતા કલબ (ELC)ની સ્થાપના કરવાની થાય છે.

ઉપરોક્ત વિગતે આપની કોલેજમાં યુવા મતદાર સાક્ષરતા કલબ(ELC)ની રચના કરવી. આ મતદાર સાક્ષરતા કલબ(ELC)માં નોડલ ઓફીસર અને મેન્ટર તરીકે ચૂંટણી પ્રક્રિયાને સારી રીતે જાણકાર અને અનુભવી હોય તેવા બે લેકચરર/આસી.પ્રોફેસરની નિમણૂંક તથા કન્વીનર તરીકે મે. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, સુરત દ્વારા નિમણૂંક કરેલ કેમ્પસ એમ્બેસેડર નિમણૂંક કરવાની રહેશે. તથા ભારતના ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવતી વખતોવખતની સૂચના અનુસારની કામગીરી કરવાની રહેશે. જો આપની કોલેજમાં કેમ્પસ એમ્બેસેડરની નિમણૂંક કરવામાં આવી ન હોય તો ભારતીય ચૂંટણી

Scanned by CamScanner

## સુરત જિલ્લામાં સમાવિષ્ટ તમામ વિધાનસભા મતદાર વિભાગોમાં કોલેજોમાં મતદાર સાક્ષરતા ક્લબ (ELC) ની સ્થાપના બાબતે વિગતો દર્શાવતું પત્રક

| અ.નં. | કોલેજ/ યુનિવર્સીટીનું નામ | સરનામું | સંપર્ક વ્યક્તિ/આચાર્યનું નામ | સંપર્ક વ્યક્તિનો મો.નં. | વિધાન સભા મત વિસ્તાર | ELC ની સ્થાપના થયેલ છે કે કેમ ? (હા/ના) | હાલમાં સ્થપાયેલી ELC બાબત | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | જો ELC ની સ્થાપના થયેલ હોય તો ELC નોડલ અધિકારીશ્રીનું નામ | ELC નોડલ અધિકારીશ્રીનો હોદ્દો | ELC નાં સભ્યોની સંખ્યા |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

Scanned by CamScanner

પંચ, નવી દિલ્હીની સૂચના મુજબ NSS ના સ્વયં સેવકો અથવા શૈક્ષણિક પ્રતિભા સંપન્ન, બિનરાજકીય તથા ઉચ્ચ ચારિત્ર્ય ધરાવતા બે વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની કેમ્પસ એમ્બેસેડર તરીકે નિમણૂંક કરવા અંગેની દરખાસ્ત અત્રેની જાણ હેઠળ નોડલ ઓફિસરશ્રી, સ્વીપ અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સુરત મારફત મે. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીને કરવાની રહેશે.

આમ, ઉપરોક્ત જણાવેલ વિગતે આપના હસ્તકની કોલેજમાં યુવા મતદાર સાક્ષરતા કલબ(ELC) રચના કરી આ સાથે સામેલ નિયત પત્રકમાં માહિતી તૈયાર કરી નોડલ ઓફિસરશ્રી, સ્વીપ અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સુરતને જાણ હેઠળ અત્રે દિન-૨માં બિનચૂક રજુ કરવા નોંધ લેશો.

મતદાર નોંધણી અધિકારી
૧૬૫- મજુરા વિધાનસભા મતદાર વિભાગ
અને નાયબ કલેકટર (જ.સુ.),સુરત

જા. નં. જા-૨ ..................
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨, બ્લોક
ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત.
તા.: / /20

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર / જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શાળાઓની તરફ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિલ્લો સુરત.

Scanned by CamScanner